આંકઃ-81
દા ખ લ તા રી ખઃ ૧૧-૦૮-૧૭
રજીસ્ટરે લીધા તારીખઃ ૧૧-૦૮-૧૭
નિ કા લ તા રી ખઃ ૨૪-૦૯ -૨૧
સ મ યઃ વ. મા. દિ.
૦૪-૦૧-૧૩

# મહેસાણાના બીજા અધિક સેસન્સ જજશ્રીની અદાલત, મુ.મહેસાણા

---

**(મેઈન )સેસન્સ કેસ નં. ૭૬/૧૭**
(કડી પોલીસ સ્ટેશન ફ. ગુ.ર.નં.૨૧૯/૧૬)

ફરિયાદી...... **શ્રી સરકાર,**

વિ રૂ દ્ઘ

આરોપીઓ..
૧) વાઘેલા દલપતભાઈ શંકરભાઈ, ઉં.વ.૪૯,
૨) વાઘેલા મંજુલાબેન વા/ઓ દલપતભાઈ શંકરભાઈ, ઉં.વ.૪૮,
૩) ચાવડા પુષ્પાબેન વા/ઓ નટવરભાઈ લાલજીભાઈ, ઉં.વ.૪૦,
૪) વાઘેલા યોગેશભાઈ મોહનભાઈ, ઉં.વ.૩૯,
૫) વાઘેલા દેવશીભાઈ રામભાઈ, ઉં.વ.૫૧,
૬) વાઘેલા બાબુભાઈ પરષોતમભાઈ, ઉં.વ.૪૮,
૭) વાઘેલા ગીરીશભાઈ મોહનભાઈ, ઉં.વ.૪૬,

૮) વાઘેલા વર્ષાબેન ડો/ઓ ગીરીશભાઈ મોહનભાઈ
તમામ રહે.નાની કડી, અંબીકાનગર સોસાયટી, તા.કડી,જી.મહેસાણા.

---

**(પુરવણી ચાર્જશીટ )**
**સેસન્સ કેસ નં. ૫/૧૮**

ફરિયાદી...... **શ્રી સરકાર,**

વિ રૂ દ્ઘ

આરોપી.. (૧) ચાવડા નટવરભાઈ લાલજીભાઈ,
(૨) ચાવડા ખુશાલભાઈ લાલજીભાઈ
બંન્ને રહે.નાની કડી, અંબીકાનગર સોસાયટી, તા.કડી,જી.મહેસાણા.

ગુનોઃ– ભારતીય દંડ સંહીતાની કલમ–૧૪૭,૧૪૮,૧૪૯,૫૦૪, ૫૦૬(૨) તથા ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫ મુજબ,

સમક્ષઃ– શ્રી એ.એલ.વ્યાસ,બીજા અધિક સેસન્સ જજ, મહેસાણા.

---

ફરિયાદી તરફેઃ વિદ્વાન એ.પી.પી.શ્રી સી.બી.ચૌધરી
આરોપીઓ તરફેઃ વિદ્વાન વકીલશ્રી બી.ડી.રાઠોડ

---

// **ઠ રા વ** //

૧). ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરિયાદી અને આરોપીઓ એક જ અંબીકાનગર સોસાયટીમાં રહે છે અને ગઈ તા.૩૦–૯–૧૬ ના કલાક ૧૮–૦૦ વાગે અને નવરાત્રીનો સમય હોવાથી સોસાયટીના કોમન પ્લોટની સાફ સફાઈ કરતા હતા ત્યારે ફરિયાદીના પ્લોટની વાડને નુકશાન કરતા ફરિયાદીના દિકરા સાહેદ કહેવા જતા આરોપીઓ ઉશ્કેરાઈ જઈ એકસંપ થઈ ગેરકાયદેસર મંડળી બની હાથમાં લાકડી, પાઈપ જેવા હથીયારો ધારણ કરી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી, મે.જીલ્લા મેજી.ના જાહેરનામાનો ભંગ કરી ભારતીય દંડ સંહિંતા–૧૮૬૦ ની કલમ– ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪,૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ ઘોરણસર થવાની ફરિયાદ જી.આર.દેસાઈ કડી પો.સ્ટે.નાઓ રૂબરૂ આપી હતી.

૨). આ કામે ફરિયાદ ફરિયાદ રીપોર્ટ સાથે પી.એસ.ઓ.ને મોકલી આપતા પી.એસ.ઓ.એ કડી પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૨૧૯/૧૬ થી ભારતીય દંડ સંહીતાની કલમ– ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪,૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાઓ દાખલ કરી આગળની તપાસ પો.ઈ.શ્રી ગામેતીનાઓ તરફ મોકલી આપતા તેઓએ તપાસ સંભાળી લાગતા વળગતા પોલીસ સાહેદોના નિવેદનો લઈ તથા ગુનાવાળી જગ્યાએ જઈ પંચો રૂબરૂ પંચોના લખાવ્યા મુજબ પંચનામુ કરેલ તેમજ આરોપીઓ ગુનામાં વાપરેલ મારક હથીયાર રજુ કરતા હોઈ

પંચો રૂબરૂ પંચનામુ કરી રીકવરી કરેલ અને વાઘેલા ડાહ્યાભાઈ મોહનભાઈને નાસતા ભાગતા બતાવી બાકીના આરોપીઓ વિરૂધ્ધ ક્રિ.કેસ તા.૯/૧૧/૨૦૧૬ ના રોજ કડી જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રીની અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલ જે ક્રિમીનલ કેસ નં.૧૬૬૩/૨૦૧૬ થી નોંધી, સદરહુ કેસ આગળની કાર્યવાહી સારૂ કડીના એડી.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીને મોકલી આપતા, કડીના એડી.વિદ્વાન જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટકલાસશ્રીએ આરોપીઓનું નિવેદન નોંધી આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના પેપર્સની નકલો મળ્યાની ખાત્રી કરી સદર ગુનાનો મે.સ્પે.કોર્ટ(એટ્રોસીટી) મહેસાણા મુકામે ચાલતા સ્પે.એટ્રોસીટી કેસ નં.૫૦/૧૬ નો ક્રોસ કેસ હોવાથી સેસન્સ કોર્ટના જા.નં.૨૪૩૩/૧૭ તા. ૧૧–૦૭–૧૭ ના પત્ર અનુસંધાને સદર કેસ સ્પે.એટ્રોસીટી કેસ નં. ૫૦/૧૬ સાથે ચલાવવા કમીટની કાર્યવાહી કરી આરોપીઓને તેમના વિરૂદ્ધની સેશન્સ કેસની કાર્યવાહીમાં પોતાના ખર્ચે વકીલ રોકવા માગો છો કે સરકારી ખર્ચે વકીલશ્રીની સહાયની જરૂર છે કે કેમ? તે અંગે પુછતા આરોપીઓએ તેઓ સ્વખર્ચે વકીલ રોકી કેસ ચલાવવા માગતા હોવાનુ જણાવતા વિ.ન્યાયાધીશશ્રીએ સદરહું કેસ સત્ર અદાલતમાં કમીટ કરતો હુકમ કરી મોકલી આપેલ આપેલ. જે સેશન્સ કેસ નં.૭૬/૧૭ થી નોંધવામાં આવેલ.

ત્યારબાદ આરોપી ચાવડા નટવરભાઈ લાલજીભાઈ તથા ચાવડા ખુશાલભાઈ લાલજીભાઈને અટક કરી તેઓ વિરૂધ્ધ તા.૨૧–૧૨–૧૭ ના

રોજ ભારતીય દંડ સંહીતાની કલમ- ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪,૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના ગુનાનુ ચાર્જશીટ કડીના વિદ્વાન જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.શ્રીની કોર્ટમાં રજુ કરેલ જે ફોજદારી કેસ નં. ૧૬૮૭/૧૭ થી રજીસ્ટરે લીધેલ સદરહુ કેસ આગળની કાર્યવાહી સારૂ કડીના એડી.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસશ્રીને મોકલી આપતા, કડીના એડી.વિદ્વાન જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટક્લાસશ્રીએ આરોપીઓનું નિવેદન નોંધી આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૭ અન્વયે પોલીસ તપાસના પેપર્સની નકલો મળ્યાની ખાત્રી કરી સદર ગુનાનો ક્રોસ કેસ મે.સ્પે.કોર્ટ(એટ્રોસીટી) મહેસાણા મુકામે ચાલતો  હોવાથી કમીટની કાર્યવાહી કરી આરોપીઓને તેમના વિરૂદ્ધની સેશન્સ કેસની કાર્યવાહીમાં પોતાના ખર્ચે વકીલ રોકવા માગો છો કે સરકારી ખર્ચે વકીલશ્રીની સહાયની જરૂર છે કે કેમ? તે અંગે પુછતા આરોપીઓએ તેઓ સ્વખર્ચે વકીલ રોકી કેસ ચલાવવા માગતા હોવાનુ જણાવતા વિ.ન્યાયાધીશશ્રીએ સદરહું કેસ સત્ર અદાલતમાં કમીટ કરતો હુકમ કરી મોકલી આપેલ આપેલ. જે સેશન્સ કેસ નં.૫/૧૮ થી નોંધવામાં આવેલ.

ત્યારબાદ સેસન્સ કેસ નં.૭૬/૧૭ ના કામે વિદ્વાન એ.પી.પી.શ્રીએ અરજી આપી સેસન્સ કેસ નં. ૭૬/૧૭ તથા ૫/૧૮ ના કેસો એકજ બનાવમાં ઉદભવેલ હોઈ અને સેસન્સ કેસ નં.૫/૧૮ પુરવણી ચાર્જશીટ હોઈ બંન્ને  કેસ એક સાથે ચલાવવા અરજી આપતા બંન્ને

કેસ એક સાથે ચલાવવાનો હુકમ કરી બંન્ને કેસનો પુરાવો સેસન્સ કેસ નં. ૭૬/૧૭ ના કામે નોંધવાનો હુકમ કરવામાં આવેલ.

૩). આરોપીઓ સામેનો કેસ અત્રેની અદાલતમાં ઈન્સાફી કાર્યવાહી માટે આવતા સેસન્સ કેસ નં.૭૬/૧૭ ના કામના આરોપીઓને તેમની સામેના કેસના પોલીસ પેપર્સની નકલો મળી છે કે કેમ તેની ખાત્રી કરી, આરોપીઓ સામેના ગુનાનું આંક–૧૦ થી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૨૮ મુજબ તહોમતનામુ ઘડી, વાંચી, સંભળાવી આરોપીઓનો જવાબ આંક–૧૧ થી ૧૮ સુધી લેતા આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરેલો છે અને કેસ આગળ ચલાવવા માંગતા હોવાનું જાહેર કરેલ તેમજ સેસન્સ કેસ નં.૫/૧૮ ના કામના આરોપીઓને તેમની સામેના કેસના પોલીસ પેપર્સની નકલો મળી છે કે કેમ તેની ખાત્રી કરી, આરોપીઓ સામેના ગુનાનું આંક–૦૩ થી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૨૮ મુજબ તહોમતનામુ ઘડી, વાંચી, સંભળાવી આરોપીઓનો જવાબ આંક–૦૪ તથા ૦૫ સુધી લેતા આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરેલો છે અને કેસ આગળ ચલાવવા માંગતા હોવાનું જાહેર કરેલ હોઈ, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૦ અન્વયે ફરિયાદ પક્ષના પુરાવા માટે તારીખ મુકરર કરવામાં આવી હતી.

૪) ફરીયાદ પક્ષ તરફથી આરોપીઓ સામેનુ તહોમત પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલા છે.

(અ) **મૌખિક પુરાવો** –

| અ.નં. | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ભેરુસિંહ તખતસિંહ જાડેજા, ફરિયાદી. | ૩૦ |
| ૨ | ધર્મેન્દ્રસિંહ ભાવુભા ચુડાસમા, પંચ | ૩૫ |
| ૩ | રામદેવસિંહ પોપટભા ગોહિલ, પંચ | ૩૭ |
| ૪ | બાલચંદભાઈ ડાહ્યાભાઈ પરમાર, પંચ | ૪૦ |
| ૫ | અમૃતભાઈ પુંજાભાઈ સોલંકી, પંચ | ૪૬ |
| ૬ | હીતેશસિંહ ભૈરૂસિંહ જાડેજા, સાહેદ | ૪૭ |
| ૭ | ધવલસિંહ ભૈરવસિંહ જાડેજા, સાહેદ | ૫૦ |
| ૮ | ગોવિંદભાઈ રામજીભાઈ દેસાઈ, પોલીસ સાહેદ | ૫૨ |
| ૯ | રાકેશસિંહ તેજસિંહ જાડેજા, સાહેદ | ૬૯ |
| ૧૦ | જાડેજા અમરસિંહ પદમસિંહ, સાહેદ | ૭૦ |
| ૧૧ | જાડેજા કાળુભા તખતસિંહ, સાહેદ | ૭૧ |
| ૧૨ | વિજયસિંહ રતનસિંહ જાડેજા, સાહેદ | ૭૨ |
| ૧૩ | મોઘજીભાઈ રામજીભાઈ ગામેતી, ત.ક.અ. | ૭૫ |

(બ) **દસ્તાવેજી પુરાવો** –

| અ.નં. | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદ. | ૩૧ |
| ૨ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ, | ૩૬ |
| ૩ | પંચ સ્લીપ | ૪૨,૪૩ |
| ૪ | હથિયાર રીકવરી પંચનામુ | ૪૧ |
| ૫ | સ્ટેશન ડાયરી | ૫૩ |
| ૬ | ડેપ્યુટ હુકમ | ૫૪ |

| અ.નં. | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૭ | ના.પો.અધિ.શ્રી મહેસાણાને સ્પે.રીપોર્ટ | ૫૫ |

૫) ફરીયાદ પક્ષ તરફથી ઉપર મુજબનો પુરાવો રજુ કર્યા બાદ આ કામે આંક–૭૬ થી પુરસીસ રજુ કરી વધુ પુરાવો રજુ નહી કરવો હોવાનુ જાહેર કરતા, સદર કામે રજુ થયેલ પુરાવા સબબ આરોપીઓનુ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીઓએ સોગંદ ઉપર જુબાની આપવાનો અને સાહેદો તપાસવાનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, *"કોઈપણ જાતનો ગુનો કરેલ નથી અને નિર્દોષ છીએ"* તેમ જણાવતા સદર કામે દલીલો સાંભળવામાં આવી હતી.

૬) ફરીયાદ પક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧) શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે,તા.૩૦–૦૯–૧૬ ના સાંજના આશરે છ વાગે ફરિયાદીની સોસાયટીના કોમન પ્લોટમાં તેમની જ સોસાયટીના દલીત ભાઈઓ જયાં કોમન પ્લોટ છે તેને અડીને ફરિયાદીનો પ્લોટ આવેલ છે તેની વાડની બાવળો કાઢતા હતા અને ફરિયાદીની હદમાં પ્રવેશ કરેલો જેથી ફરિયાદીના દિકરા હિતેશસિંહે ત્યાં જઈએ આ દલીતભાઈને કહેલ કે, ભાઈ અમારા પ્લોટની વાડને કેમ નુકશાન કરો છો જેથી અન્ય આરોપીઓ સાથે તમો આરોપીઓ મળી હિતેશભાઈ સાથે ગાળો બોલી ઝપાઝપી કરી અને તે પછી વાડને નુકશાન રોકાવેલ તે પછી તમો આરોપીઓ

કડી પો.સ્ટે. ફરિયાદ કરવા સારૂ ગયેલા અને ફરિયાદી તેમના ધંધા ઉપર જતા રહેલ અને રાતના આશરે સાતેક વાગે ફરિયાદી ઘરે આવતા તમો આરોપીઓ હથીયારો સાથે તેમના ઘર પાસે આવી ગાળો બોલી કહેવા લાગેલ કે, તમારા પાંચ મકાનો છે અને બાકીના અમારા દલીતોની વસ્તી છે, તમો બહાર નીકળો આજે તો તમને પુરા કરી નાખવાના છે અને તમોને અંહી રહેવા દઈશુ નહી તેમ કહી ગાળો બોલીને મારવા આવેલા તેમ કરી તમો આરોપીઓએ એકસંપ થઈ કાયદા વિરૂધ્ધની મંડળી રચી મારક હથીયારો ધારણ કરી બળ અને હિંસાનો ઉપયોગ કરી હુલ્લડ કરી ઈ.પી.કો.કલમ–૧૪૭,૧૪૮,૧૪૯ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કર્યાનો આક્ષેપ કરેલ છે?

૨) શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, ઉપરોક્ત તારીખે, સમયે અને સ્થળે તમો આરોપીઓએ એકસંપ થઈ ફરિયાદીના પ્લોટની વાડ તોડી નાખી તે બાબત તકરાર કરી ફરિયાદીને ગાળો બોલી અપમાનિત કરી ઉશ્કેરણી કરવા પ્રયત્ન કરી જાનથી મારી નાખવાની ધમકી આપી ઈ.પી.કો.કલમ–૫૦૪,૫૦૬(૨) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૩) શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે,ઉપરોક્ત તારીખે, સમયે અને સ્થળે જીલ્લા મેજી.મહેસાણાનુ હથીયારબંધીનુ જાહેરનામુ અમલમાં હોવાછતાં તમો આરોપીઓએ જાહેરમાં હથીયારો ધારણ કર્યા હોવાથી તમારા વિરૂધ્ધ જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૪). શું હુકમ ?

૭) ઉપરોક્ત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧). નકારમાં.

૨). નકારમાં.

૩) નકારમાં.

૪). આખરી હુકમ મુજબ.

// **કા ર ણો** //

**મુદ્દા નં. ૧ થી ૩**

૮). આ કેસ અંતર્ગત જે કંઈ પુરાવાઓ રજુ થયા છે તેને લગતી ચર્ચાઓનુ પુનરાવર્તન ટાળવા માટે ચારેય મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવામાં આવેલી છે.

૯) **દલીલોઃ-**

૯.૧) ફરિયાદપક્ષે એ.પી.પી.શ્રી સી.બી.ચૌધરીએ મુખ્યત્વે જણાવેલ છે કે, આરોપીઓ રાતના સાત વાગે હથીયારો ધારણ કરી ગાળો બોલી ફરિયાદીના દીકરા હિતેશને ધમકી આપેલ કે, તમે બહાર નીકળો તમને આજે પુરા કરી નાખવાના છે તેમ કહી ગાળો બોલી, કાયદા વિરૂધ્ધ મંડળી રચેલી અને તા.૩૦-૬-૧૬ ના રોજ ૬ વાગે ફરિયાદીના ઘરની બાજુમાં આવેલ કોમન પ્લોટમાં સાફસફાઈના બહાના હેઠળ ફરિયાદીની વાડ અને બાવળો નાશ કરવાનો પ્રયત્ન કરેલો. ફરિયાદી તથા સાહેદોને ધાકધમકી આપી જાનથી મારી નાખવાનુ જણાવેલ. ફરિયાદીએ તથા તમામ સાહેદોએ સમર્થનકારી પુરાવો આપેલ છે. આરોપીઓ ઉપર મુકવામાં આવેલ તહોમત પુરવાર થતુ હોય આરોપીઓને તકસીરવાન ઠરાવી નશ્યત કરવા લંબાણપુર્વક દલીલ કરેલ છે.

૯.૨) આરોપીઓ તરફે વિ.વ.બી.ડી.રાઠોડનાઓએ મુખ્યત્વે દલીલમાં જણાવેલ છે કે, ફરિયાદી નજરે જોનાર સાહેદ નથી. તેમનો પુરાવો કથોકથીત છે.

બનાવ હિતેશસિંહ સાથે બનેલ જેઓ હોસ્ટાઈલ જાહેર થયેલ છે. સાહેદ હિતેશસિંહે આરોપીઓ ઉપર મુકવામાં આવેલ આક્ષેપને લેશમાત્ર સમર્થન આપેલ નથી. નજરે જોનાર સાહેદોએ પણ ફરિયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી. બનાવ સમયે ટોળુ હતુ, ટોળામાં કોણ શુ બોલેલ, ટોળામાં કોણે જાનથી મારી નાખવાની ધમકી આપેલ તે સબંધે કોઈ સ્પષ્ટ પુરાવો પુરવાર થયેલ નથી. બનાવ સમયે આરોપીઓએ કાયદા વિરૂધ્ધ મંડળી રચી, મારક હથીયારો ધારણ કરી, બળ અને હિંસાનો ઉપયોગ કરી હુલ્લડ કરી જાહેરમાં મારક હથીયારો ધારણ કરી કાયદાનો ભંગ કરેલ હોય તેવુ પણ પુરાવો પુરવાર થયેલ નથી  જેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા લંબાણપુર્વક દલીલ કરેલ છે.

૧૦) **<u>ફરિયાદીનો પુરાવોઃ-</u>**

૧૦.૧).ફરિયાદપક્ષે આંક-૩૦ થી ફરિયાદી ભૈરૂસિંહ તખતસિંહ જાડેજાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે જેઓના પુરાવાનુ મુલ્યાંકન કરતા ફલિત થાય છે કે, તેઓ કડી જી.આઈ.ડી.સી.માં ચાની લારી ધરાવે છે અને તેમની સોસાયટીમાં પાંચ દરબાર કુટુંબના મકાનો અને બાકીના દલીત સમાજના છે. બનાવ સાંજના છ વાગે બે વર્ષ અગાઉ બનેલ. ફરિયાદીની સોસાયટીની કોમન પ્લોટમાં દલીતોના પ્લોટને અડીને ફરિયાદીનો ખુલ્લો પ્લોટ આવેલ છે. સદર પ્લોટની ચારે બાજુ ફરિયાદીએ થુવરની વાડ કરેલી અને દિવાળીના દિવસોમાં કોમન પ્લોટ સાફ કરવા દલીત કોમના લોકો જે.સી.બી લાવેલા અને ફરિયાદીની હદમાં પ્રવેશ કરી ફરિયાદીના હદમાં આવેલ વાડ અને બાવળો કાઢતા હતા જેમાં દલપતભાઈ, મંજુબેન,

પુષ્પાબેન, શારદાબેન, વર્ષાબેન અને બીજા ટોળાના માણસો હતા. ફરિયાદીના પુત્ર હિતેશ વાડ ન કાઢવા જણાવતા આરોપીઓએ હિતેશને ગાળાગાળી કરેલ અને મારવા દોડેલ જેથી હિતેશ ઘરમાં આવી ગયેલ. ત્યારબાદ દલીતો અમારી ઉપર ફરિયાદ કરવા ગયેલા. હિતેશે ફોન કરી બનાવની હકીકત જણાવેલ. જેથી સાતેક વાગે ફરિયાદી ઘરે આવેલા અને આઠ વાગે દલીતો હથીયારો લઈ ફરિયાદીના ઘર પાસે આવી કહેવા લાગેલ કે, બહાર નીકળો આજે તમને પુરાવી દેવાના છે, જેથી ફરિયાદી અને તેમના ઘરના લોકો બહાર નીકળેલ નહી. ત્યારબાદ ફરિયાદીએ આંક–૩૧ થી ફરિયાદ આપેલ. મુદ્દામાલ તથા આરોપીઓને ઓળખી બતાવેલ છે. ફરિયાદીએ અંશતઃ સમર્થનકારી પુરાવો આપેલ છે.

ઉલટતપાસમાંથી ફલીત થાય છે કે, હાલ તેઓ અર્બુદાનગર સોસાયટીમાં રહે છે જે બે–ત્રણ કી.મી. દુર આવેલ છે. ફરિયાદીને લગતી માહીતી ફરિયાદીને તેમના દિકરાએ આપેલી જેથી સ્પષ્ટ થાય છે કે, બનાવ સમયે ફરિયાદી હાજર નહતા. ફરિયાદીનો પુરાવો કથોકથીત જણાય છે. ખરેખર કોણ ગાળો બોલતુ હતુ અને કોણ હાજર હતુ અને કોણ હાજર નહતુ તે ફરિયાદીએ જોયેલ નહી. ફરિયાદીના પુરાવામાં અતિશ્યોકતી જણાય છે. આરોપીઓ તેમના કુટુંબ સામે ફરિયાદ કરવા ગયેલ જેથી હાલની ફરિયાદ આપેલ. આરોપીઓએ તેમના ભાઈ ઉપર એટ્રો.ની ફરિયાદ આપેલ અને તેમાં સજા થયેલી છે. આરોપી દલપત વાઘેલાએ ફરિયાદી ઉપર એટ્રો.ની ફરિયાદ કરેલી છે અને તેમના કુટુંબીઓ ઉપર એટ્રો.ની ફરિયાદ કરેલ હોય તેનો નિકાલ લાવવા હાલની ફરિયાદ

કરેલ છે. બનાવવાળી જગ્યાએ રહેણાંક વિસ્તાર છે. બનાવ સમયે અંધારૂ હતુ, કોના હાથમાં શુ હથીયાર હતુ તે ખબર નથી. આમ, ઉલટતપાસમાં વિપરીત હકીકત સ્વિકારેલ છે. આ સંજોગોમાં ફરિયાદીનો પુરાવો નિઃશંક જણાતો નથી. ફરિયાદીના પુરાવામાં અતિશ્યોકતી અને વિરોધાભાષ જણાય છે અને હાલની ફરિયાદ તેઓ સામે એટ્રો.ની ફરિયાદ થયેલ હોવાથી આપેલ હોવાનુ જણાય છે. ફરિયાદીનો પુરાવો કથોકથીત જણાય છે.

૧૧) **સાહેદો પુરાવોઃ-**

૧૧.૧).ફરિયાદપક્ષે આંક-૪૭ થી હિતેષસિંહ નહેરૂસિંહ જાડેજા, આંક-૫૦ થી ધવલસિંહ ભેરુસિંહ જાડેજા, આંક-૬૯ થી રાકેશસિંહ તેજસિંહ જાડેજા, આંક-૭૦ થી જાડેજા અમરસિંહ પદમસિંહ, આંક-૭૧ થી જાડેજા કાળુભા તખતસિંહ, આંક-૭૨ થી વિજયસિંહ રતનસિંહ જાડેજાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે જેઓના પુરાવાનુ એકસાથે મુલ્યાંકન કરતા ફલિત થાય છે કે, સાહેદ હિતેશસિંહ અને સાહેદ ધવલસિંહ ફરિયાદીના પુત્રો થાય છે જયારે રાકેશસિંહ, અમરસિંહ, કાળુભા ફરિયાદીના ભાઈઓ અને કાકાના દિકરા થાય છે અને બનાવ બનેલ તે સોસાયટીમાં જ રહે છે. આ તમામ સાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલ છે. સાહેદોના પુરાવામાંથી એટલુ ફલિત થાય છે કે, આરોપીઓ કોમન પ્લોટ સાફ કરતા હતા અને ફરિયાદીના પ્લોટની વાડમાં સાફ-સફાઈ કરતા ના પાડતા આરોપીઓ અને બીજા પચાસ માણસો આવી હિતેશ સાથે બોલાચાલી કરેલ તે સિવાય બીજું કોઈ બનાવ બનેલ નહી. તમામ સાહેદો હોસ્ટાઈલ જાહેર

થયેલ છે. તમામ સાહેદોએ એવો કોઈ પુરાવો આપેલ નથી કે, આરોપીઓ એકસંપ થઈ આવેલા અને બળજબરીથી ગે.કા. રીતે સદર વાડ હટાવતા હતા, ઝપાઝપી થયેલ, આરોપીઓ ગાળો બોલેલ અને વાડને નુકશાન કરેલ અને હથીયારો ધારણ કરી જાનથી મારી નાખવાની ધમકી આપેલ. આ તમામ સાહેદો બનાવ સ્થળે હાજર એવા સાહેદો છે. આ તમામ સાહેદોએ બનાવને કે ફરિયાદપક્ષના આક્ષેપને લેશમાત્ર સમર્થન આપેલ નથી. આ સાહેદોના પુરાવાથી આરોપીઓ ઉપર મુકવામાં આવેલ તહોમત પુરવાર થતુ નથી.

૧૨) **<u>પંચોનો પુરાવોઃ</u>**–

૧૨/૧ફરિયાદપક્ષે આંક–૩૫ થી ધર્મેન્દ્રસિંહ ભાવુભા ચુડાસમા અને આંક–૩૭ થી રામદેવસિંહ પોપટભા ગોહિલને સોંગદ ઉપર તપાસવામાં આવેલ છે જેઓના પુરાવાનુ મુલ્યાંકન કરતા ફલિત થાય છે કે, આ બંન્ને પંચસાહેદોના પુરાવાનુ મુલ્યાંકન કરતા પોલીસે એક તૈયાર કાગળમાં સહી કરવાનુ જણાવતા બંન્ને પંચસાહેદોએ સહી કરેલ તેમની હાજરીમાં ફરિયાદીએ બનાવવાળી જગ્યા બતાવેલ હોય અને તેમની હાજરીમાં પંચનામુ લખવામાં આવેલ હોય, તેઓએ વાંચી, સમજી પંચનામામાં સહી કરેલ હોય તેવુ લેશમાત્ર ફલિત થતુ નથી. બંન્ને પંચસાહેદોને ફરી ગયેલા જાહેર કરી પંચનામાની હકીકતો વિગતવાર પુછપરછ કરવા છતાં સમર્થનકારી પુરાવો આપેલ નથી.

૧૨/૨ફરિયાદપક્ષે આંક–૪૦ થી બાલચંદભાઈ ડાહ્યાભાઈ પરમારને અને આંક–૪૬ થી અમરતભાઈ પુંજાભાઈ સોલંકીને સોંગદ ઉપર તપાસવામાં

આવેલ છે જેઓના પુરાવાનુ મુલ્યાંકન કરતા ફલિત થાય છે કે, આ બંન્ને પંચસાહેદોએ તૈયાર પંચનામામાં સહીઓ કરેલી તેમની હાજરીમાં પોલીસ સ્ટેશનમાં આરોપીઓ હાજર હોય અને આ પંચસાહેદોની હાજરીમાં આરોપીઓની શરીર સ્થિતીનુ પંચનામુ કરવામાં આવેલ હોય અને આરોપીઓએ વાસની લાકડી, પાઈપ, છરી વિગેરે કબજે કરેલ હોય તેવો લેશમાત્ર પુરાવો ફલીત થતો નથી. બંન્ને પંચસાહેદોને ફરી ગયેલા જાહેર કરી પંચનામાની હકીકતો વિગતવાર પુછપરછ કરવા છતાં સમર્થનકારી પુરાવો આપેલ નથી. બંન્ને પંચસાહેદોએ પંચનામા અને પંચસ્લીપોમાં સહી કરેલાનુ ફલીત થાય છે.

(૧૩) **<u>પોલીસ સાહેદોનો પુરાવોઃ–</u>**

૧૩.૧).ફરિયાદપક્ષે આંક–પર થી ગોવિંદભાઈ રામજીભાઈ દેસાઈને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે જેઓના પુરાવાનુ મુલ્યાંકન કરતા ફલિત થાય છે કે, તા.૩૦–૯–૧૬ ના રોજ કડી પો.સ્ટે.માં પી.એસ.ઓ. તરીકે ફરજ ઉપર હતા ત્યારે ફરિયાદી પો.સ્ટે.માં ફરિયાદ કરવા આવેલા તેમની મૌખિક ફરિયાદ સાંભળી ફરિયાદ લખી લીધેલ અને કડી પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૨૧૯/૧૬ થી ઈ.પી.કો.કલમ–૧૪૭,૧૪૮, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો દાખલ કરેલ અને આગળની તપાસ પો.ઈ. ગામેતીને ટ્રાન્સફર કરેલ. આ સાહેદે ફરિયાદની નોંધ સ્ટેડામાં પાડેલી જેના રજી.માંથી નોંધની નકલનો ઉતારો આંક–૫૩ થી રજુ કરેલ છે, ડેપ્યુટ હુકમ આંક–૫૪, આંક–૫૫ થી

સ્પે.રીપોર્ટ રજુ કરેલ છે. ટુંકમાં આ સાહેદે ગુનો રજી. કર્યા સિવાય અન્ય કોઈ કામગીરી કરેલ નથી.

૧૩.૨).ફરિયાદપક્ષે આંક–૭૫ થી ત.ક.અ.મુળજીભાઈ રામજીભાઈ ગામેતીને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે જેઓના પુરાવાનુ મુલ્યાંકન કરતા ફલિત થાય છે કે, તા.૩૦–૯–૧૬ ના રોજ તેઓ કડી પો.સ્ટે.માં પી.એસ.આઈ. તરીકે ફરજ ઉપર હતા ત્યારે ફરિયાદીની ફરિયાદ ગુનો રજી. કરી આગળની તપાસ સારૂ આ સાહેદ રૂબરૂ મોકલી આપેલ અને આ સાહેદે ગુનાવાળી જગ્યાનુ પંચનામુ પંચોની હાજરીમાં કરેલ, ફરિયાદપક્ષના સાહેદ તરીકે હિતેશસિંહ વિગેરેના નિવેદન લીધેલ અને સમર્થનકારી હોય તપાસના કામે સામેલ રાખેલ. આંક–૩૬ ના પંચનામામાં પંચોની તથા તેઓની સહી ઓળખી બતાવેલ છે. આંક–૪૧ નુ પંચનામુ ઈન્ચાર્જ પી.આઈ. એ બે પંચોની હાજરીમાં હથીયાર રજુ કર્યાનુ પંચનામુ કરેલ જેમાં વાય.જે.રાઠોડની સહી ઓળખી બતાવેલ છે. આ ગુનાની આગળની તપાસ બળવંતસિંહ શિવાજીએ કરેલ અને ચાર્જશીટ કરેલ. તમામ સાહેદોના નિવેદન તેમના લખાવ્યા મુજબ અક્ષરસહ લખી લીધેલા. આમ, આ સાહેદે ગુનાની મહત્વની તપાસ કરેલ છે. ઉલટતપાસમાં ઈન્કાર કરેલ છે કે, સાહેદોના નિવેદન ફરિયાદને અનુરૂપ લખી લીધેલ અને પંચનામા જાતે લખી લીધેલ.

૧૪) સમગ્ર પુરાવાનુ મુલ્યાંકન કરતા ફરિયાદીએ ફરિયાદના સમર્થનમાં પુરાવો આપેલ છે પરંતુ ફરિયાદી નજરે જોનાર સાહેદ નથી. તેમનો પુરાવો કથોકથીત જણાય છે. બનાવ હિતેશસિંહ સાથે બનેલ જેઓ હોસ્ટાઈલ

જાહેર થયેલ છે. સાહેદ હિતેશસિંહે આરોપીઓ ઉપર મુકવામાં આવેલ આક્ષેપને લેશમાત્ર સમર્થન  આપેલ નથી. નજરે જોનાર સાહેદોએ પણ ફરિયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી. બનાવ સમયે ટોળુ હતુ, ટોળામાં કોણ શુ બોલેલ, ટોળમાં કોણે જાનથી મારી નાખવાની ધમકી આપેલ તે સબંધે કોઈ સ્પષ્ટ પુરાવો પુરવાર થયેલ નથી. બનાવ સમયે આરોપીઓએ કાયદા વિરૂધ્ધ મંડળી રચી, મારક હથીયારો ધારણ કરી, બળ અને હિંસાનો ઉપયોગ કરી હુલ્લડ કરી જાહેરમાં મારક હથીયારો ધારણ કરી કાયદાનો ભંગ કરેલ હોય તેવુ પણ પુરાવો પુરવાર થયેલ નથી તેવા સંજોગોમાં આરોપીઓને આક્ષેપિત ગુનામાં સાંકળવા ઉચિત જણાતુ નથી જેથી મુદ્દા નં.૧ થી ૩ નો જવાબ નકારમાં આપી  મુદ્દા નં. ૪ પરત્વે ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

// **હુ ક મ** //

૧) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિંતા–૧૮૬૦ ની  કલમ–૧૪૭,૧૪૮,૧૪૯,૫૦૪,૫૦૬(૨) તથા ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુનાના કામે સેસન્સ કેસ નં.૭૬/૧૭,૫/૧૮ ના તમામ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨). આ કામે રજુ થયેલ મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

૩). આથી આરોપીઓને આદેશ આપવામાં આવે છે કે, તેઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ)મુજબ હુકમની

તારીખથી ૬(છ) માસની સમયમર્યાદા માટે રૂ. ૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર)ના જાત જામીન તથા તેટલી જ રકમના સધ્ધર જામીન રજુ કરવા.

૪). આ હુકમની એક નકલ સેસન્સ કેસ નં. ૫/૧૮ ના કામે રાખવી.

ઉપરોકત હુકમ આજ તા.૨૪મી માહે સપ્ટેમ્બર ૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૨૪-૦૯-૨૦૨૧
સ્થળ: મહેસાણા.

( અંબરીષ લાલજીભાઈ વ્યાસ )
(JUDGE CODE No. GJ 00508)
બીજા અધિક સેસન્સ જજ, મહેસાણા